જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦




શુભ દિપાવલી

Happy Diwali




**તા.૧૪/૧૧/૨૦૨૦ શનિવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૯૭૩/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૩/૧૧/૨૦૨૦ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૬૯૭ | ૧ | ૧૦૬૯૮ | ૧૬૮૩૧ | ૧ | ૧૬૮૩૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૪૬ | ૦ | ૪૩૪૬ | ૫૮૬૧ | ૦ | ૫૮૬૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૫૨ | ૦ | ૫૨ | ૨૨૬ | ૦ | ૨૨૬ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૫૩૫૫ | ૧ | ૧૫૩૫૬ | ૧૬૧૯૮ | ૧ | ૧૬૧૯૯ |
| કુલ | | ૩૦૪૫૦ | ૨ | ૩૦૪૫૨ | ૩૯૧૧૬ | ૨ | ૩૯૧૧૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૪ | ૬,૪૧,૫૦૦/- |

| પત્રક-3 | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૨૨૪ | ૨,૨૪,000/- |

# “SHE” ટીમ દ્વારા HDFI સંસ્થાની મદદથી નિ:શુલ્ક માસ્ક વિતરણ

## સાબરમતી પોલીસ સ્ટેશન :

## દિવાળીના તહેવારો દરમ્યાન કરી હકારાત્મક અભિગમ દાખવતી સાબરમતી પોલીસ

માનનીય પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર, અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧, નાયબ પોલીસ કમિશ્નર શ્રી, ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “એલ” ડિવિઝન તરફથી આગામી દિવાળી તહેવારો અનુસંધાને કોવીડ-૧૯ મહામારી અટકાવવા સંવેદનશીલ અભિગમ સાથે કામ કરવા સારૂ આપેલ સુચના આધારે સીનીયર પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી તથા સેકન્ડ પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ સાબરમતી પોલીસ સ્ટેશનની “SHE” ટીમ દ્વારા HDFI સંસ્થાની મદદથી સાબરમતી પોલીસ સ્ટેશન વિસ્તારમાં જુદી-જુદી જગ્યાઓએ કોવીડ-૧૯ મહામારી અટકાવવા રાખવાની તકેદારી જેવી કે માસ્ક ફરજીયાત પહેરવું, સોશીયલ ડીસ્ટેન્સ જાળવવુ, સેનેટાઇઝર નો ઉપયોગ કરવો વિગેરે બાબતે માર્ગદર્શન આપવામાં આવ્યુ અને ૧,૫૦૦ જેટલા માસ્કનું નિઃશુલ્ક વિતરણ કરવામાં આવ્યુ
















# <u>ગુમ થયેલ પર્સ મુળ માલીકને સોંપ્યા અંગેની વિગત</u>

## <u>મણીનગર પોલીસ સ્ટેશન :</u>

આજરોજ મણિનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં રેલવેસ્ટેશન પોલીસ ચોકીના પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી તથા લોકરક્ષક અશ્વીનભાઇ નાઓ ચોકી વિસ્તારમાં ફ્રુટ પેટ્રોલિંગમાં હતા, તે દરમ્યાન એક લેડીઝ પર્સ મળી આવેલ. જે પર્સમાં સોનાનો બે તોલાનો ચેઈન તથા ચાંદીના પગમાં પહેરવાના ઝાંઝર જેવા દાગીના હતા તથા રોકડ રકમ મળી આવેલ જે કુલ અંદાજે ૧,૦૦,૦૦૦/- (એક લાખ) રૂપિયાનો સામાન તેના મુળ માલિકને શોધી ખાતરી કરી માલિક લક્ષ્મીબેન નટરાજન સંગતુર (રહે.ગુજરાત હાઉસીંગ બોર્ડ, સર્વોદયનગર ખોખરા અમદાવાદ શહેર) નાઓને પરત આપેલ છે.



# ખોખરા પો.સ્ટે.મા ફરજ બજાવતા હોમગાર્ડ જવાનની પ્રશંસનીય કામગીરી

એક ભાઇ હનીશ દ્રરકાદાસ જાતે સિંધી ઉ.વ.૩૩ રહે.મ.નં.ઇ/૩૦૩ આર્યક્રિષ્ના એન્કલેવ સૈજપુર બોઘા નરોડા અમદાવાદ શહેરનાઓ આઇ.ડી.એફ.સી.ફસ્ટ બેન્કમાં કાલુપુર શાખામા રીલેશનશીપ મેનેજર તરીકે નોકરી કરતા હોય અને જે બેન્ક દ્વારા પ્રોવાઇડ કરવામા આવેલ લેપટોપ તથા અન્ય ડોક્યુમેન્ટ તેઓએ ફોર વ્હિલ કાર નં.જીજે-૧-કેપી-૬૫૯૮ મા મુકી રાખેલ હતા જે લેપટોપ તથા અગત્યના ડોક્યુમેન્ટ ક્યાંક ગુમ થઇ ગયેલ હોય જેની શોધમા હતા તે વખતે સદરી બેગ તથા ડોક્યુમેન્ટ ખોખરા પો.સ્ટે.મા (ડીવીઝન-૧૫) ફરજ બજાવતા હોમગાર્ડ જવાન  ચિરાગભાઇ વિજયભાઇ વાઘેલાનાઓને મળી આવતા જે બેગ હેન્ડ ઓવર કરી ઉપરોક્ત ભાઇનો સંપર્ક કરી તેઓનુ લેપટોપ તથા તમામ ડોક્યુમેન્ટ સોપી પ્રશંસનીય કામગીરી કરેલ છે



# ઘરફોડ/વાહનચોરી/લુંટ ગુનાના આરોપીની અટકાયતની વિગત

**ક્રાઈમ બ્રાન્ચ :**

## ઘરફોડ/વાહનચોરી/લુંટ કરનાર એક આરોપી તથા એક સગીરને રૂ. ૪,૯૪,૦૫૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડી કુલ-૬ ગુન્હાઓનો ભેદ ઉકેલતી અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચ

હાલમાં દિવાળીનો તહેવાર ચાલતો હોય અમદાવાદ શહેરમાં ઘરફોડ/વાહનચોરી/લુંટ વિગેરે મિલકત સંબંધી ગુનાઓ અટકાવવા તેમજ આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલવા સારૂ ક્રાઇમ બ્રાન્ચના સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી અમીત વિશ્ર્વકર્મા સાહેબ નાઓએ સુચના આપેલ.

જે સુચના આધારે પોલીસ ઇન્સ્પેક્ટર શ્રી આર.એસ.સુવેરા નાઓના સ્કોડના પો.સ.ઇ. શ્રી એસ.જે.વાઘેલા તથા સ્કોડના માણસો આવા ગુન્હાઓ શોધવા માટે પ્રયત્નશીલ હતા અને આવા ગુનાઓ પાછળ કોઈ સ્થાનિક ઈસમો સક્રિય હોવાની માહિતી મળેલ હોય આ દિશામાં પ્રયત્નશીલ હતા.

દરમ્યાન તા.૧૨/૧૧/૨૦૨૦ ના રોજ સ્ટાફના એ.એસ.આઈ. મોહમંદયુનુસ અસગરઅલી,હે.કો. નારસિંહ મલુસિંહ તથા હે.કો.નરેન્દ્રસિંહ શીવઅધારસિંહ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે ઘી કાંટા ચાર રસ્તા પાસેથી

(૧) સાગર સ/ઓ કિશોરભાઈ પ્રભાતભાઈ હળવદીયા(દેવીપુજક) ઉ.વ.૨૦ રહે. મ.નં.૫ સદગુરૂ કૃપાનગર ધોળકા રેલ્વે લાઈન ની સામે ચાંદલોડિયા અમદાવાદ શહેર તથા

(૨) એક સગીરને પકડી પાડેલ.

**પકડાયેલ બંને જણાઓ પાસેથી ચોરીનો મુદ્દામાલ**

(૧) બે મોબાઈલ ફોન કિં.રૂ.૧૧૦૦૦/- અને રોકડા રૂ.૩૧૦૦/-

(૨) બ્લુટુથ હેન્ડસ ફ્રી નંગ-૨૫૩ કિ.રૂ. ૩૨,૪૦૦/-

(૩) બ્લુટુથ સ્પીકર નંગ-૩૧ કિ.રૂ.૯૮૫૦/-

(૪) ઓન ઓફ બેલ્ટ નંગ-૩૦૦ કિ.રૂ.૧૫૦૦૦/-

(૫) કી પેડ એલસીડી નંગ-૬૦૦ કિ.રૂ.૨૧૫૦૦/-

(૬) જીન્સ પેન્ટ નંગ-૮૯ કિ.રૂ.૪૦૦૫૦/-

(૭) શર્ટ નંગ-૧૨૯ કિ.રૂ.૩૨૨૫૦/-

(૮) ફોર્મલ પેન્ટ નંગ-૧૧ કિરૂ.૩૩૦૦/-

(૯) સ્પોર્ટસ, નાઇક અને વિનસનના લેબલવાળા ટી શર્ટ નંગ-૧૪ કિરૂ.૧૫૦૦/-

(૧૦) જેકેટ નંગ-૨ કિ.રૂ.૫૦૦/-

(૧૧) બગસરાની લકી નંગ-૦૬ કિરૂ.૭૨૦૦/-

(૧૨) બગસરાની ચાર બંગડી કિરૂ.૨૮૦૦/-

(૧૩) બગસરાના ૫ જોડ પાટલા અને એક જોડ બંગડી કિરૂ.૯૦૦૦/-

(૧૪) બગસરાની કાનની બુટીઓ ૧૦ જોડ કિરૂ.૨૦૦૦/-

(૧૫) બગસરાનુ મંગળસુત્ર નંગ-૦૧ કિરૂ. ૮૦૦/-

(૧૬) બગસરાનુ બ્રેસ્લેટ કિરૂ.૮૦૦/-

(૧૭) બગસરાની ચેઇન પેંડલ કિરૂ.૧૫૦૦/-

(૧૮) બગસરાનુ એક વાઘ કડુ કિરૂ.૧૫૦૦/-

(૧૯) ભરવાડી કડુ કિરૂ.૩૦૦૦/-

(૨૦) એક સી.એન.જી. ઓટો રીક્ષા કિરૂ.૫૦,૦૦૦/-

(૨૧) એનફિલ્ડ કંપનીનું ઈલેક્ટ્રા બુલેટ રુપિયા ૪૫,૦૦૦/-

આમ ઉપરોકત કુલ કિંમત રુપિયા ૪,૯૪,૦૫૦/- ની મત્તાના મુદ્દામાલ સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ.આ બાબતે સોલા પોલીસ સ્ટેશનના ૦૨ ગુન્હા,વસ્ત્રાપુર,વાડજ,કલોલ સીટીના એક -એક ગુન્હા શોધાયેલ છે.

પકડાયેલ બંને જણાઓની પુછપરછ કરતાં તેઓએ અમદાવાદ શહેરના અલગ-અલગ વિસ્તારોમાં તેમજ કલોલ ખાતે ઘરફોડ/વાહનચોરી/મોબાઈલ લુંટના નીચે મુજબના ગુનાઓ આચરેલ હોવાની કબુલાત કરેલ છે.

(૧) સોલા ખોડીયાર દાલ બાટી સામે રોડ ઉપર એક ભાઈના હાથમાંથી મોબાઈલ ફોન ઝુંટવી લીધેલ.

(૨) વસ્ત્રાપુર ગુરૂદ્વારા પાસે આવેલ પટેલ એવન્યુ પાર્કિંગમાંથી એક રોયલ એનફીલ્ડ બુલેટની ચોરી કરેલ.

(૩) કલોલ ખાતે નવજીવન શોપીંગ સેન્ટરમાં આવેલ ચામુંડા નામની મોબાઈલ એસેસરીઝની દુકાનમાંથી મોબાઈલ એસેસરીઝનો સામાન ચોરી કરેલ.

(૪) ચાંદલોડિયા બ્રીજ નીચે ભલ્લો ફેશન નામની કપડાની દુકાન તોડી તેમાંથી પેન્ટ,શર્ટ ટી શર્ટ, જેકેટ કપડાની ચોરી કરેલ.

(૫) નવા વાડજ ચંદ્ર ભાગા શોપીંગ સેન્ટરમાં આવેલ જવેરી ઝવેરાત નામની દુકાનું શટર તોડી દુકાનમાંથી સોના-ચાંદીના તથા બગસરાના દાગીના ચોરી કરેલ.

(૬) ગોદરેજ ગાર્ડનની બાજુમાં રોડ ઉપર એક ભાઈના હાથમાંથી મોબાઈલ ફોન ખેંચી લીધેલ.

## શોધાયેલ ગુન્હા

(૧) સોલા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૫૨૦૨૦૧૫/૨૦ ઈ.પી.કો ૩૭૯એ(૧)

(૨) સોલા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૪૫૨૦૨૦૧૯/૨૦ ઈ.પી.કો ૪૫૪,૪૫૭,૩૮૦

(૩) વાડજ પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૩૨૦૧૬૩૬/૨૦ ઈ.પી.કો. ૩૮૦,૪૫૪,૪૫૭

(૪)વસ્ત્રાપુર પો.સ્ટે ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૦૨૦૧૪૭૮/૨૦ ઈ.પી.કો ૩૭૯એ(૩),૧૧૪

(૫)કલોલ સીટી પો.સ્ટે ગુ.ર.નં.૧૧૨૧૬૦૨૪૨૦૦૬૮૮/૨૦ ઈ.પી.કો ૪૫૭, ૩૮૦

## આરોપીઓની ગુનો કરવાની મોડસ ઓપરેન્ડી

પકડાયેલ બંને ઇસમો તથા પોતાના અન્ય સાગરિતો સાથે ટુ વ્હિલર તથા ઓટોરિક્ષા લઈને રાત્રિના સમયે અમદાવાદ શહેરમાં ચોરીઓ કરવા સારું નીકળતા હતા.કોઈ કોમ્પલેક્ષ કે માર્કેટમાં આવેલ દુકાનને ટાર્ગેટ કરતા હતા તેમજ દુકાનનું શટરનું તાળું તોડી દુકાનમાંથી ચોરીઓ કરતા હતા.

રાત્રિના સમયે એકલ-દોકલ રસ્તે જતા રાહદારીના હાથમાંથી મોબાઈલ ઝુંટવી નાસી જતા હતા તેમજ પાર્ક કરેલ ટુ વ્હિલરને ડુપ્લીકેટ ચાવી વડે લોક ખોલી અગર તોડી ચોરી કરતા હતા. તેમજ ચોરી કરેલ વાહનની નબર પ્લેટ કાઢી લેતા અને વાહનનો કલર બદલાવી દેતા હતા જેથી તેઓ પકડાઈ ન જાય.

આ બંને જણાઓએ પોતાના સાગરિતો સાથે આ સિવાય બીજા પણ આવા પ્રકારના ગુનાઓ આચરેલ છે કે કેમ તેમજ તેઓની સાથે આ ગુનાઓમાં અન્ય કોઈ ઈસમો સંડોવાયેલ છે કે કેમ તે બાબતે તેઓની સઘન પુછપરછ તપાસ ચાલું હોય આવા બીજા પણ ગુનાઓ ના ભેદ ઉકેલાય તેવી શક્યતા છે.

પકડાયેલ બંને જણાઓ પૈકી એક આરોપીને આગળની વધુ તપાસ અર્થે વાડજ પો.સ્ટે. સોંપવા તજવીજ હાથ ધરેલ છે.



## **ખોખરા પોલીસ સ્ટેશન**

# **ઘરફોડ ચોરીનો વણશોધાયેલ ગુનો શોધી કાઢી ઘરફોડ ચોરી કરનાર આરોપી તથા તે સોનાના દાગી બીલવગર ખરીદી કરનાર ચાર સોનીઓને પકડી સોનાના ઘરેણા રીકવર કરી આરોપીઓને ઝડપી પાડી જેલ હવાલે ધકેલતી ખોખરા પોલીસ**

મે,નાયબ પોલીસ કમિશનરશ્રી,ઝોન-૫, તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઇ' ડીવીઝન અમદાવાદ શહેર દ્વારા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે તથા પોલીસ ઇન્સ્પેકટરશ્રી વાય.એસ.ગામીતનાઓના સીધા માર્ગદર્શન હેઠળ ખોખરા પો.સ્ટે.સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.આર.એન.ચુડાસમા તથા એ.એસ.આઇ.મહેશભાઇ ગંગારામ બ.નં.૭૫૯૮ તથા એ.એસ.આઇ. તેજપાલસિંહ પુરણસિંહ બ.નં.૭૭૨૮ તથા અ.હેડ.કોન્સ.ભરતસિંહ પરષોતમભાઇ બ.નં.૭૦૩૭ તથા અ.હેડ.કોન્સ જીગ્નેશભાઇ જીવાભાઇ બ.નં.૯૯૨૨ તથા પો.કો.અમરસિંહ ડાહ્યાજી બ.નં.૯૬૯૩ તથા પો.કો.નરેન્દ્રસિંહ દાનસિંહ બ.નં.૧૦૧૩૫ તથા પો.કો.વિજયસિંહ અજમલભાઇ બ.નં.૮૦૦૩ તથા લો.ર.વિજયસિંહ રતનસિંહ બ.નં.૧૧૮૫૮ તથા લો.ર.ભરતભાઇ રાહતભાઇ બ.નં.૧૨૨૩૮ તથા લો.ર.મહેશભાઇ ગોરધનભાઇ બ.નં.૧૧૯૦૮ તથા લો.ર સુનીલ કાળુભાઇ બ.નં.૯૫૯ તથા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે.વિસ્તારમાં પેટ્રોલીંગમા હતા દરમ્યાન ફરતા ફરતા ખોખરા મદ્રાસી મંદિર પાસે ઝઘડીયા બ્રીજના દક્ષિણના છેડે આવતા સાથેના એ.એસ.આઇ.મહેશભાઇ ગંગારામ બ.નં.૭૫૯૮ તથા લો.ર.ભરતભાઇ રાહતભાઇ બ.નં.૧૨૨૩૮ તથા લો.ર.મહેશભાઇ ગોરધનભાઇ બ.નં.૧૧૯૦૮ નાઓને ચોક્કસ બાતમી હકિકત મળેલ કે ખોખરા પો.સ્ટે-એ-પાર્ટ ૧૦૭૩/૨૦૨૦ ઇપીકો કલમ કલમ ૩૮૦,૪૫૪,૪૫૭ મુજબનો ગુનો કરનાર ગણપતભાઇ કિશનભાઇ રાવળ ઉ.વ.૨૩ રહે. રહે.રેલ્વે કોલોનીના બીનવારસી મકાનમા મદ્રાસી મંદિર પાસે ખોખરા અમદાવાદ શહેર નાને પકડી તેની પાસેથી ઘરફોડ ચોરી કરી મેળવેલ સોનાના દાગીના પૈકી સોનાની બુટી નંગ-૨ મળી આવતા સદરી આરોપીને યુક્તી પ્રયુક્તીથી પુછપરછ કરતા ઉપરોક્ત ઘરફોડ ચોરી તેણે કરેલ છે અને ઘરફોડ ચોરી કરી મેળવેલ દાગીના અમદાવાદ શહેર વિસ્તારમા સોનીઓની દુકાન ધરાવી સોની કામ કરતા વેપારીઓને બીલવગર વેચાણ પેટે આપેલ છે તેમ જણાવતા પકડાયેલ આરોપીને સાથે રાખી

(૧) જમાલભાઇ અબ્દુલકાદર મેમણ ઉ.વ.૫૦ રહે.મ.નં.૧૦ એમ.એસ.ડુપ્લેક્ષ જારા એપાર્ટમેન્ટની બાજુમા શાહઆલમ દરગાહની સામે દાણીલીમડા અમદાવાદ શહેર નાએ આરોપી પાસેથી સોનાની વીંટી

(૨) મુકેશભાઇ દલપતભાઇ સોની ઉ.વ.૨૫ રહે.મ.નં.ઇ/૨૦૩ સ્વસ્તિક ફ્લેટ નીગમ બસ સ્ટેન્ડ પાછળ રામપીરના મંદિરની પાસે ઘોડાસર અમદાવાદ શહેર નાઓએ આરોપી પાસેથી ચાંદીનો ઝુડો વેચાણ લીધેલ

(૩) મનુભાઇ રામજીભાઇ રબારી ઉ.વ.૪૮ રહે.મ.નં.૮૧ ભાવદિપ પાર્ક ગોરના કુવા પાસે ગાયત્રી મંદિર સામે ગોરના કુવો ખોખરા અમદાવા શહેરનાઓએ આરોપી પાસેથી ચાંદીના કડલા વેચાણ લીઘેલ

(૪) મુકેશભાઇ લાલચંદભાઇ સોની ઉ.વ.૪૮ રહે.મ.નં.૨૦૫/ડી શાશ્વત મહાદેવ એપાર્ટમેન્ટ ગેટ નં-૨ સુર્યમ ગ્રીનની બાજુમા વસ્ત્રાલ અમદાવાદ શહેરનાએ આરોપી પાસેથી સોનાનુ લોકેટ કબ્જે કરી સદરી આરોપીઓને ઉપરોકત ગુનાના અટક કરી વણશોધાયેલ ગુનો શોધી કાઢી પ્રશંસનીય કામગીરી કરેલ છે



## રાણીપ પોલીસ સ્ટેશન :

# પોકેટ કોપ મોબાઈલ ફોનની મદદથી વેજલપુર પો સ્ટે. ના ચોરીનું એક મોટર સાયકલ શોધી કાઢતી સર્વેલન્સ સ્કોડ રાણીપ પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા ખાસ પોલીસ કમિશ્નરશ્રી સેકટર-૧ ,અમદાવાદ શહેર તથા ના.પો.કમિ.શ્રી ઝોન-૨, અમદાવાદ શહેર તથા મ.પો.કમિ.શ્રી “એલ” ડીવીઝન અમદાવાદ શહેર નાઓની જરૂરી સુચના મુજબ જે.બી.ખાંભલા પોલીસ ઈન્સ્પેકટર રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓના સીધા માર્ગદર્શન હેઠળ રાણીપ પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાં તથા આજુબાજુના વિસ્તારોમાં મિલકત સબંધી ગુનાઓ બનતા અટકાવવા તેમજ પોકેટ કોપ મો ફોન આધારે વિસ્તારમાં બિનવારસી હાલતમાં પડી રહેલ વાહનોની તપાસ કરી કોઈ ગુનાહીત મળી આવેથી કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ કરેલ સુચના આધારે રાણીપ સર્વેલન્સ સ્કોડના પો સબ ઇન્સ એસ.એસ.ચૌધરી તથા અ.હે.કો દેવકરણભાઇ અજાભાઈ બ.ન ૫૫૫૯ તથા અ.લો.ર અશ્વિનકુમાર વાઘાભાઈ બ.ન ૦૩૬૩ તથા અ.લો.ર સુડાંભાઈ વિરમજી બ.ન ૧૨૩૧૩ નાઓ તમામ રાણીપ પો.સ્ટે. વિસ્તારમા પેટ્રોલીંગ દરમ્યાન રાણીપ બલોલ નગર બ્રિજના નીચે આવતા એક બિનવારસી હાલતમાં પડી રહેલ હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોસા જોતા જે મોસા કાળા તથા વાદળી પટ્ટા વાળુ હોન્ડા કંપનીનું હીરો હોન્ડા સ્પ્લેંડર મોસા જેનો એન્જિન નંબર **04D15M13807** ચેસિસ નંબર **04D16C19982** જેવો લખેલ વંચાય છે જે હીરો હોન્ડા સ્પ્લેન્ડર મોસા ચાવી વગરનું કિમત રૂપિયા ૨૧,૦૦૦/- જેટલી ગણી સી.આર.પી.સી. કલમ ૧૦૨ મુજબ તપાસ અર્થે પંચનામાં વિગતે કબ્જે કરી વેજલપુર પો સ્ટે ફર્સ્ટ ગુ.ર.ન ૦૫૧૩/૨૦૦૮ ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબ ના ગુનાના કામે મુદ્દામાલ શોધી કાઢી સારી કામગીરી કરેલ છે કાર્યવાહી હાલમાં ચાલુ છે તારીખ ૧૩/૧૧/૨૦૨૦

# પાસા અટકાયતની વિગત

## શાહીબાગ પોલીસ સ્ટેશન :

## શરીર સંબંધી તથા મિલકત સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં મિલકત સબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી કે.ડી.જાડેજા સા. નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં મિકલત સંબંધી ગુનાઓ કરતો ઈસમ સચીન અર્જુનભાઇ પટણી (ઠુણતીવાળા) -રહે ૧૯-વ.ઉભરવાડવાસ ચાર માળીયા મનમોહન ચાર રસ્તા પાસે ઓઢવ અમદાવાદ શહેર મુળ વતન ગામપાટણ-છાપી મડાડર તા-_ના વિરુદ્ધ (૧) મેઘાણીનગર પો.સ્ટે. ગુનં.ર.-૧૧૧૯૧૦૩૩૨૦૦૨૮૩ધી ૨૦૨૦/.ઇ. પી. કો. કલમ.૩૮૪, ૩૨૪,૩૨૩,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી. એકટ. કલમ(૧)૧૩૫. મુજબ (૨) શાહીબાગ પો.સ્ટે. ગુનં.ર.-૧૧૧૯૧૦૩૧૨૦૦૩૨૦ધી ૨૦૨૦/ .ઇપીકો.. કલમ૩૯.૨, ૫૦૬(૨), ૧૧૪ તથા જી.પી. એકટ. કલમ (૧)૧૩૫.મુજબ મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૧૧૭૪/૨૦૨૦ તા.૧૨/૧૧/૨૦ ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૧૩/૧૧/૨૦૨૦ ના કલાક:૧૪/૦૦ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે અધિક્ષક શ્રી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપેલ.

**આરોપીનુ નામ:-**

સચીન અર્જુનભાઇ પટણી (ઠુણતીવાળા) ઉ.વ-૧૯ રહે- ભરવાડવાસ ચાર માળીયા મનમોહન ચાર રસ્તા પાસે ઓઢવ અમદાવાદ શહેર મુળ વતન ગામ-છાપી મડાડર તા-પાટણ

**કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-**

(૧) પો.સ.ઈન્સ એસ. એ. દેસાઈ તથા સર્વલન્સ ટીમના માણસો
(૨) મ.સ.ઇ વિરેન્દ્રસિંહ મકુભા
(૩) અ.લો.ર.નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪
(૩) અ.હે.કો રવીન્દ્ર ગંગારામ
(૪) અ.પો.કો.કુલદિપસિંહ ધનશ્યામસિંહ
(૫) અ.લો.ર.પરેશકુમાર અણદાભાઇ

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૭૪/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી, ૨૩ વ્યક્તિઓને ઝડપી, ૧૧૬ લીટર દેશી દારૂ, ૧૩૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ અને ૩ સ્કુટર કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૯૭૫/૨૦૨૦**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૩૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરી :** **સમાચાર યાદી નં.૧૯૭૬/૨૦૨૦**

**વટવાઃ** સુર્યકાંત દેવીદાસ સાવળે (રહે. સુરવેભાઉની ચાલ ખાનમીલની પાસે ગામ-સતીચીંચધરી તાલુકો-ચિપલુન જી-રત્નાગીરી રાજય-મહારાષ્ટ્ર) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૨/૧૧/૨૦૨૦ સવારના ૫/૧૫ થી ૬/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સુર્યકાંત સાવળે અને તેમના પત્ની સારંગપુર સર્કલ થી વટવા ગોકુલ રેસીડેન્સી સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેસેલ બે અજાણ્યા પુરૂષોએ સુર્યકાંતની પત્નીના થેલામાંથી સોનાના દાગીના કિમત રૂપિયા ૯૩,૦૦૦/-, ચાંદીના દાગીના કિમત રૂપિયા ૫૦૦/- મળી કુલ રૂપિયા ૯૩,૫૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી જે.કે.રાઠોડ ચલાવે છે.

**સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ** **સમાચાર યાદી નં.૧૯૭૭/૨૦૨૦**

**સરદારનગરઃ** અનિલભાઇ તોલારામ પમનાની (ઉ.વ.૪૪) (રહે.હરીકૃપા ફલેટ એવરગ્રીન સ્કુલની બાજુમા સરદારનગર) તા.૧૩/૧૧/૨૦૨૦ રાતના ૮/૪૫ વાગ્યાના સુમારે કુબેરનગર ઇન્ડીકેપ હનુમાનજી મંદિર નજીકથી પસાર થઇ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ અનિલભાઇના ગળામાંથી સોનાની ચેઇન કિમત રૂપિયા ૪૬,૦૦૦/- ખેચી તોડી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ અનિલભાઇ પમનાનીએ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી બાબુભાઇ કાનજીભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૯૭૮/૨૦૨૦**

**નિકોલઃ** વિજયભાઇ ગોપાલભાઇ સોરઠીયા (ઉ.વ.૪૯) (રહે. અમિ ટેનામેન્ટ રતનબા સ્કુલની બાજુમાં ઠક્કરનગર) એ અગમ્ય કારણસર તા.૧૨/૧૧/૨૦૨૦ સાજના ૭/30 વાગ્યા પહેલા નિકોલ જીવણવાડી "શ્રીજી એન્ટરપ્રાઇઝ એસ્ટેટ" મુક્તીધામ એસ્ટેટ શેડ નંબર ૪૪/૦૧ ખાતે છતના હુકમાં કપડું બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગૌતમભાઇ હીરાભાઇ ચલાવે છે.

**નારોલઃ** સપ્પુસિંગ રાજબહાદુરસિંગ રાજપુત (ઉ.વ.૪૦) (રહે. આકૃતી આંગન હોટલ પાછળ નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૩/૧૧/૨૦૨૦ કલાક ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી